

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જ્ઞાનની જ્યોત પ્રકટાવવા દિલમાં દીવો કરો,*
*ચોમેર પ્રકાશ પ્રગટાવવા દિલમા દીવો કરો!*
*કરૂણાને દયા રેલાવવા દિલમાં દીવો કરો!*
*પ્રેમ વાત્સલ્ય વરસાવવા દિલમાં દીવો કરો!*
*(સૌને દિપોત્સવી મૂબારક)*

### હાઈકુ

*હૃદય આંગણે*
*કરજો દીપમાળા -*
*છે દિપોત્સવી*

*અસત્ય પર,*
*છે વિજય સત્યનો -*
*આવી દિવાળી*

### ચિંતન

*નિજ ગુન શ્રવણ સુનત સકુચાહી, પરગુન સુનત અધિક હરખાહી ।*
*સમ સીતલ નહિ ત્યાગહિં નીતિ, સરલ સુભાઉ સબહિ સન પ્રીતિ ॥*

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

માનસમાં જયાં જયાં તક મળી છે ત્યાં સંત વર્ણન કરતા તુલસીદાસજી કહે છે કે -

'પોતાના ગુણો સાંભળવામાં જે સંકોચ પામે છે અને પારકાના ગુણ સાંભળવાથી જેમનું હૃદય પ્રસન્ન થાય છે, એવા શત્રુઓ અને મિત્રો તરફ, બંને તરફ સમાન ભાવે રાખે છે. એવા સમદષ્ટિ અને શાંત, જે કોઈ પણ વિકટ પરિસ્થિતિમાં પણ નીતિને છોડતા નથી, જે સ્વભા અને હૃદયથી સરળ હોય છે અને સઘળાં તમામ જનો પર નિરંતર પ્રેમ વરસાવે છે એ સંતનો સ્વભાવ છે.'

માનવ સહજ નબળાઈ એ છે કે ગમે તેટલી ઊંચી પદવીએ પહોંચ્યા પછી માનવીને પોતાના વખાણ સાંભળવાનો મોહ ઘટતો નથી બલ્કે જેમ જેમ ઊંચાઈ પ્રાપ્ત થાય તેમ તેમ ઈચ્છાઓ પારો પણ ઊંચે ચઢતો જાય છે.

### સુવિચાર

- સપને પૂરે કરને મેં કંઈ સમસ્યા છે, સમસ્યા કા હી સહી હલ તપસ્યા હૈ... - **રામ સિંગાર**
- જયારે જયારે મને ભૂલ શોધવાનું મન થાય છે હું મારી જાતથી તે કામ શરૂ કરું છું અને પછી જરા પણ આગળ વધતો નથી - **ડેવિડ ગ્રેસન**
- આ વિશાળ જગતમાં જે બીજાની ખાતર જીવતો નથી તેને જ એકલા પડી ગયા જેવું લાગે છે - **પીબોડી રોજર્સ**
- પોતાની ઈજ્જત ને નુકશાન કરવા કરતાં દસ હજાર વાર મરવું સારું - **થોમસ આલ્વા એડિસન**
- બની શકે ત્યાં સુધી વિષયી ધનવાન પુરુષોના અન્નથી બચતું રહેવું - **જનકલ્યાણ**
- નિષ્ઠાવાન પુરુષ અંતરાત્માની વિરુદ્ધ કોઈ તર્કને નથી સાંભળતો - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : દસ તુલસીના પાનને પાંચ મરી સાથે ઉકાળી તેનો નાસ લેવાથી આધાશીશી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક યુવાન એક સંત પાસે ગયો અને કહ્યું, 'મહારાજ, હું જીવનમાં સર્વોચ્ચ શિખર પર પહોંચવા માગુ છું, શું તમે મને એવો કોઈ રસ્તો બતાવશો જે મને સીધો સર્વોચ્ચ શિખરે પહોંચાડી દે??' સંતે કહ્યું, 'ભાઈ, તમે મારા બગીચામાં જાવ અને એક સુંદર ગુલાબનું ફૂલ લાવી આપો. પરંતુ એક શરત છે - જે ગુલાબને છોડી તમે આગળ વધી ગયા, તો પછી પાછા ફરીને તે ગુલાબ તોડવાનું નથી.' યુવાન બગીચામાં પહોંચ્યો તેણે જોયું એકથી એક ચડિયાતા ગુલાબ ઉગ્યા હતા. ગુલાબનું ફોડવા જતો ત્યાં તેનાથી વધુ સુંદર ગુલાબ દેખાતું અને તે પેલા ગુલાબને છોડીને આગળ વધી જતો. આમ કરતાં કરતાં તે બગીચાને છેડે પહોંચ્યો. ત્યાં જે ફૂલ દેખાયા તે સુંદર નહીં, કરમાયેલા હતા, આથી યુવક નિરાશ થયો અને ફુલ તોડ્યા વગર જ પાછો ફર્યો. સંતે પૂછ્યું, 'શું થયું? ગુલાબ ન લાવ્યો?' યુવાન કહ્યું, 'હું સુંદર અને તાજા ફુલો છોડીને આગળ જ વધતો રહ્યો, પણ અંતે ત્યાં કરમાયેલા જ ફુલો હતા. તમે પાછા ફરીને ફુલ તોડવાની ના પડી હતી. તેથી હું ગુલાબનું સુંદર ફુલ તોડી ન શક્યો.' સંતે હસીને કહ્યું, 'ભાઈ જીવન પણ આવું જ છે. તેમાં શરૂઆતથી જ કર્મ કરતાં જવું પડે. કેટલીય વાર સફળતા શરૂઆતના કામો અને અવસરોમાં જ છૂપાયેલી રહે છે. વધારે મેળવવાની લાલસામાં આગળ વધતાં, તેણે છેવટે ખાલી હાથે જ પાછા ફરવું પડે છે.' યુવાનને સંતે સમજાવેલી સરળ વાત ગળે ઉતરી ગઈ.

# દીપાવલીનો અજવાસ અને સરહદ પર લોહીછાંટણા

### તંત્રીસ્થાનેથી...

દીપોત્સવી ટાણે જ વેરની વસૂલાત કરવાના પાડોશી દેશના અભરખા આપણી બહાદુર સેનાએ અધૂરા રાખ્યા. પાકિસ્તાન કયારેક ભારતનું ભલું ઈચ્છવાનું નથી. એનું સર્જન જ ભારત વિરોધી માનસિકતામાંથી થયું હતું. ભારતને એણે હિંદુસ્તાન જ ગણ્યું. અને ધર્મના નામ પર જુદારું માગ્યું. મહમદ અલી ઝીણાના એ ઝેરીલા વલણને ગાંધીની આધ્યાત્મિકતા પણ નહોતી બદલી શકી. નહીંતર ગાંધીજી તો ઝીણાને અખંડ ભારતના પહેલા વડાપ્રધાન તરીકે સ્વીકારવા તૈયાર થઈ ગયેલા. આટલાં વર્ષો પછી જયારે બ્રિટીશ ઈંડિયાનો મોટો ટુકડો અર્થાત ભારત વિશ્વમંચ પર એક ઉમદા ઈમેજ સાથે ઊર્ધ્વરોહણ કરી ચૂક્યો છે ત્યારે બીજો ટુકડો ઉર્ફે પાકિસ્તાન ક્રમશઃ દેવાળિયા દેશોની યાદીમાં વધુને વધુ મોખરાના સ્થાન પર પહોંચવા ઉતાવળો થઈ રહ્યો છે. પાકિસ્તાનમાં લોકશાહી તો નામની જ રહી ગઈ છે. વર્તમાન વડાપ્રધાન ઈમરાનખાનને સેના અને આઈએસઆઈ જેમ નચાવે તેમ એ નાચે છે. એક શ્રેષ્ઠ સ્પોર્ટસમેન પાસેથી સ્પોર્ટ્સમેન સ્પિરિટની અપેક્ષા હતી - પરંતુ એમને એમના પૂર્વસૂરિઓને સારા કહેવડાવ્યા છે. નવાઝ શરીફ વિશે તેઓ અનાપશનાપ નિવેદનો આપતા રહે છે. હકીકતમાં શરીફ તમામ રાજકીય નેતાઓની જેમ ભ્રષ્ટાચારી તો હતા જ, પરંતુ લોકનેતા હતા, માસલીડર હતા અને માણસ તરીકેનાં માપદંડોથી માપતાં એક 'શરીફ ઈન્સાન' હતા. એમને પ્રજાએ વારંવાર સત્તાનશીન કર્યા, પણ કયારેક એમને ઝિયા નડ્યા તો કયારેક મુશર્રફ. સેના અને આઈએસઆઈએ પાકિસ્તાની ન્યાયપાલિકાને દાસી બનાવી દીધી છે. આ બધાં મળીને ભારત વિરોધી એન્જડાને જ પાકિસ્તાનની પ્રગતિકૂચ માની બેઠા છે. ભારતને કયારેય જંપીને બેસવા ન દેવું એ એમનો એક માત્ર રાષ્ટ્રીય કાર્યક્રમ બની રહેલ છે. બરાબર દિવાળીના દિવસોમાં એમને જમ્મુ અને કાશ્મીરની સરહદો સળગાવીને, નાક કાપીને અપશુકન કર્યા છે, જે કદાચ આગામી આખા વરસ સુધી એક યા બીજા સ્વરુપે ભારતને પીડા પહોંચાડતા રહેશે. ભારતીય સૈનિકો અને સરહદી પ્રજાજનોનું લોહી વહેવડાવવાથી એ લોકોને રાક્ષસી આનંદ મળે છે. પછી વળતા પ્રહાર તરીકે આપણી સેના એમના બંકરો ઉડાડી દે, એમના સૈનિકોનો અને ઘુસણખોરોનો ખાતમો બોલાવે તે જુદી વાત છે. પાકિસ્તાન રઘવાયું થયું છે - એ કદાચ પૃથ્વીના નકશામાંથી પોતાનું નામ જાતે જ ભૂંસી નાખવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ભારતમાં હાલ જેની સત્તા છે તે નેતાગીરી અને વર્તમાન ભારતીય સેના કદાચ એવું જોખમ પણ ખેડી બેસે તો નવાઈ નહીં. અણુયુદ્ધ તરફ ધકેલાઈ જવાનું જ એ 'મંગળાચરણ' બની રહેશે! - દિવાળીના દિવસોમાં આવી કાળજું કંપાવનારી કલ્પના કરવી પણ સારી નહીં, પરંતુ કદાચ એ દિશામાં જ પરિસ્થિતિ આગળ વધી રહી હોય- તો ભારતીય ઉપખંડ અણુયુદ્ધનું મેદાન બની જાય એવી જ એની નિયતી હોય, તો એમાં ડાહ્યા માણસોની શિખામણ કે સંતો-મહંતો અને સૂફીઓની ફિલસૂફી કેટલી કારગત નીવડી શકે એ તો સમય જ કહી શકે. દરમિયાન અયોધ્યામાં હજારો વર્ષ પછી ભગવાન શ્રી રામનું પુનરાગમન થયું. ઉત્તર પ્રદેશનાં મહામહિમ રાજયપાલ શ્રીમતી આનંદીબેન અને ઝુજારુ લડાયક મિજાજ ધરાવતા લોકપ્રિય રાષ્ટ્રવાદી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રંગેચંગે રામાયણના એકેએક મહત્ત્વના પ્રસંગોને સાકાર કરી ભુલાઈ ગયેલા લોકાભિરામ-રણરંગધીર-ઉદાત્ત મહાન રાષ્ટ્રનાયકની ગરિમા એમની જ નગરીમાં પુનઃસ્થાપિત કરી છે. આશા રાખીએ કે રામ જેવું જ આદર્શ અને સિદ્ધાંતને વરેલું નીતિમય જીવન આપણા વર્તમાન રાજપુરુષોને પણ સાંપડે. દીપાવલીનો ઉજાસ આપણાં હૈયાંને અજવાળે એ જ અભ્યર્થના!

# દિલમાં દીવડા પ્રગટાવો, સુખના સાથિયા પુરાવો...



### આરપાર

રાઘવજી માધડ

શિયાળાની કડકડતી ઠંડીમાં મા અને તેનો પાંચ-સાત વરસનો દીકરો, ઠંડીથી બચવા છાપું - ન્યુઝ પેપર ઓઢીને બેઠાં હતાં.તેમાં એકાએક દીકરાએ તેની માને પૂછ્યું :'હેં મા,જેની પાસે ઓઢવા માટે આવા છાપાં નહીં હોય એલોકો શું ઓઢતા હશે?'મા પાસે કોઈ જવાબ નહોતો.તે દીકરા સામે ટગર ટગર જોતી રહી.સવાલ સમ-વેદન,સંવેદનાનો છે.એક સરખી વેદના અનુભવવી.બીજાની પીડા,પોતીકી થઈ ઉઠવી.આવું થાયતો કદાચ સમાજના ઘણાખરા દુઃખ આપોઆપ ઓછા થઈ જાય. સામાજિક સમસ્યા છૂ થઈ જાય!

આજે દીપોત્સવ પર્વની હાર્દ સમી દિવાળી છે.ઘર-ફળિયે દીવો પ્રગટાવી,દિલમાં ઉજાસ પાથરવા નો અણમોલ અવસર છે.આવતીકાલે નવું વરસ,મનગમતાં સ્વપ્નને સાકાર કરવા શપથ લેવાનો સપરમો દહાડો છે.આપણે વાર-તહેવારમાં માનનારી ઉત્સવપ્રિય પ્રજા છીએ.ઉત્સવો આપણાં જીવનમાં શ્રદ્ધા,ચેતના અને સંસ્કારની જ્યોત પ્રગટાવે છે. આશા, આસ્થા, આકાંક્ષા, ઉમંગ, ઉલ્લાસ... ના કોડિયામાં દિવેલ પૂરે છે.મન ને માંજી, ઉટકી ઉજળા કરવાનો પણ અવસર છે.આ સિવાય પણ દીપોત્સવ વિશે ઘણું કહી શકાય એવું છે.

પણ કોરાનાની વૈશ્વિક મહામારીએ આપણી આર્થિક, સામાજિક, માનસિક...હાલત બગાડી નાખી છે. સઘળું છિન્નભિન્ન કરી નાખ્યું છે.ત્યારે પરિસ્થિતિ કયારે પૂર્વવત થાશે તેની કોઈ વોરંટી કે ગેરંટી આપી શકે એવું નથી.જેઓના ધંધા-રોજગાર પડી-ભાંગવાના લીધે,આર્થિક બેહાલ થઈ ગયાં છેએવાં પરિવારો માટે આ દિવાળી કેવી હશે...આંખો બંધ કરી શાંત ચિતે વિચારવા જેવું છે.આજે પાટનગર કે મહાનગરને બાદ કરતા ગ્રામવિસ્તારની લગોલગ આવેલા શહેરોની બજારો,દિવાળીની ખરીદી અર્થે માનવ મહેરામણથી ઉભરાતી હોય એનાં બદલે પાંખી ને ઝાંખી ભાસે છે. આ આસ્તિક, નાસ્તિકનો મુદ્દો નથી પણ નર્યું વાસ્તવિક છે.

દિવાળી પછીના દિવસોમાં એટલે કે નવા વરસ નિમિતે એકબીજાનાં ઘરે જવું,મોં મીઠા કરવા, શુભેચ્છાઓની આપ-લે...કરવી આવી પરંપરા રહી છે.તેમાં કદાચ તહેવારનો વ્યવહાર સાચવવાનું પણ આવી જતું હશે.જોકે છેલ્લા વરસોમાં વર્ચ્યુઅલ શુભેચ્છા પાઠવવાનું ચલણ વધ્યું છે.વહેલી સવારે ઉઠી,સેલફોનમાં એક સાથે અનેકને મેસેજ ફોરવર્ડ કરી દઈ પાછું ઊંઘી જવાનું ! આ વરસે, આ ક્રિયાકાંડમાં ઉમેરો થવાની શક્યતા નિવારી શકાય એવી નથી.કોઈના ઘરે જવું,બેસવું...ને અગાઉથી ભરી રાખેલી મીઠાઈની ડીસમાંથી ચકલીના જેમ ચણવાનું બંધ રાખવું પડશે. કારણ કે કોરાના સંક્રમણની તકેદારી રાખવી અનિવાર્ય છે.

ઘણાં લોકો વાર-તહેવારે, જન્મદિન અથવા એવા કોઈ સારા પ્રસંગે વંચિતોની વસાહત વચ્ચે જઈ સુખ-આનંદની વહેંચણી કરતા હોય છે.ત્યાં બાળકો સાથે રમત રમે-વાર્તા કરે,વડીલો સાથે સંવાદ કરે...અને આમ આખો દિવસ આનંદ-ઉલ્લાસથી પસાર કરે.હા,સાથે મીઠાઈ,રમકડાં,કપડા અથવા જરૂરિયાતની ચીજ-વસ્તુઓની વહેંચણી કરે.આમાં મદદ કરવાનો જરાય ભાવ હોતો નથી.પણ સુખમાં સહભાગી થવા, કરવાનો નર્યો ભાવ નેહમાંથી નીતરતો હોય છે ! અને ખરું કહોતો,માંહ્યલા ખાલીપાને ખંખેરવા અને અભાવના ભાવ ભરવા જતા હોય છે. આવું જો આપણાથી થાય તો, ખુદને નત મસ્તકે વંદન ને અભિનંદન પાઠવવા રહ્યા.

સુખનું સરનામું ને દુઃખનું દવાખાનું ક્યાંય હોતું નથી.સુખની શોધમાં દુઃખના દહાડા સામે મળતા હોય છે.બચપણ બરાબર યાદ છે,દિવાળીના દિવસોમાં સુરતથી વતન આવેલા રત્ન કલાકારો ફટાકડા ફોડ તાને તેના ધડાકા સાંભળી અમે ગેલમાં આવી કુદતા,ઉછળતાં! સુખ કયાંય શોધવા જવાનું ન હોય!

આ વરસે નકામા આવરણથી અળગા થઈ દિલમાં દીવડા પ્રગટાવીએ,સુખના સાથિયા પુરાવીએ!

છેલ્લેઃ

પ્રભાતનાં પુષ્પો સ્વરૂપે પ્રગટ થયો છું. રૂપ,રંગ,આકાર...સાથે બહુ માયા ન બાંધશો. જીવનમાં સ્નેહની સુગંધને સ્થાન આપશો!

# આવો, આ નવા વર્ષે આપણે આપણી જાતને જ બદલીએ



### મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

ઈ.સ. ૨૦૨૦નું આ ગોઝારું વર્ષ આપણને સૌને સારી રીતે યાદ રહી જવાનું છે. અને ઈતિહાસમાં પણ એને કાળા અક્ષરે આલેખિત કરવામાં આવશે. તો વળી સમગ્ર માનવ જાત સામે યમરાજ બનીને આવેલા કોરોનાએ માનવીય અનેક સત્ય અને તથ્ય પણ ખોલી નાખ્યા છે. તેથી હવે આપણે આપણી જીવનશૈલી અને વિચારસરણી પણ બદલીને જીવવું પડશે. આજે સોશિયલ મીડિયાના યુગમાં આપણે હંમેશાં બીજાને બદલવાનો પ્રયત્ન કરીએ છીએ. વૉટ્સપમાં કોઈ સારો વિચાર કે પ્રેરણાત્મક કથા કે ફોટો કે વિડીઓ આવતા જ બીજાને શેર કરી દઈએ છીએ. આપણે ઈચ્છીએ છીએ કે સામેની વ્યક્તિ સમજે, શીખે અને જીવનમાં ઉતારે. પણ આપણે કદી આપણી જાત વિશે, સ્વભાવ વિશે, અન્ય સાથેના સંબંધો વિશે, પરિવાર વિશે કદી વિચારતા જ નથી. મોટેભાગે આપણને આપણામાં દોષ કદી દેખાતા જ નથી. આપણે એવું માનીએ છીએ કે આપણે સર્વશ્રેષ્ઠ અને સર્વજ્ઞ છીએ. પણ પ્રત્યેક વ્યક્તિ આવું માનતી હોવાથી આપણા સુવિચારોના મેસેજ માત્ર ફૉરવર્ડ જ થતા રહે છે. કોઈ જીવનમાં ઉતારતું જ નથી.

આજના સામાજિક જીવનમાં સૌથી મોટો કોઈ પ્રશ્ન હોય તો ''જ્ઞાતિ જાતિના ભેદભાવો''નો છે. જો કે એક સત્ય એ પણ છે કે આ ભેદભાવ કે વૈમનસ્ય સોશિયલ મીડિયા ઉપર દેખાય છે એટલું ખરેખર સમાજમાં વાસ્તવિક જીવનમાં નથી. ભારતના લાખો ગામોમાં, શહેરોમાં હિંદુ મુસ્લિમો—બ્રાહ્મણ, પટેલ, દલિત, ઠાકોર, જૈન, ક્ષત્રિય... અનેક જ્ઞાતિ જાતિના લોકો હળી મળીને જ રહે છે. પરંતુ આ સામાજિક સમરસતાની શાંતિને ભંગ કરવા માટે, પ્રજાની એકતાને તોડવા માટે આપણા દેશમાં અનેક નેતાઓ, પક્ષો, એજન્સીઓ પુરી તાકાતથી કામ કરી રહ્યા છે. જ્યા જે વિસ્તારોમાં જે જ્ઞાતિની બહુમતિ છે કે અલ્પસંખ્યક છે ત્યા વર્ષમાં એક બે ઘટનાઓ એવી ઘટાવી દેવામાં આવે છે કે ત્યા રહેતી પ્રજા તરત ઉશ્કેરાઈ જાય છે અને આ ઉશ્કેરાટ કોમી વૈમનસ્યનું રૂપ ધારણ કરી લે છે. વર્ષોથી એકબીજાની સાથે રહેલા, એકબીજાના સુખ દુઃખમાં ભાગ લીધો હોય, વર્ષોની પારિવારિક મૈત્રી...વિશ્વાસ અને સન્માન ... આ બધુ એક જ બનાવટી દૂર્ઘટનાને કારણે વિખેરાઈ જાય છે. આવી દૂર્ઘટનાઓને પ્રજાના માનસમાં પ્રસારવા સૌથી મોટો ફાળો ન્યૂઝ ચેનલો અને સોશિયલ મીડિયાનો પણ હોય છે. આજકાલ આવી અનેક ઘટનાઓ દેશભરમાં ઘટી રહી છે. જે દેશને નાના નાના સમાજમાં વિભાજિત કરી રહી છે.

દેશ આઝાદ થયાને સીતેર વર્ષ વિતી ગયા છે. પણ અંગ્રેજોની જે નીતિ હતી કે પ્રજાના ભાગલા પાડો અને રાજ કરો, એ નીતિને કેટલાક નેતાઓએ હજીયે છોડી નથી. નેતાઓ, રાજકીય પક્ષો જાણે છે કે જાતિ અને ધર્મ એ પ્રજાની દુખતી રગ છે. એને સહેજ દબાવીશું એટલે પ્રજા તરત જ મેદાનમાં. કેમ કે.આ બે વિષય સાથે આપણા સૌની સંવેદના જોડાયેલી છે. તેથી આપણે પણ આ વિષયને લગતું કોઈ લખાણ કે ફોટો કે વિડીઓ કે ઘટનાની જાણ થતા જ સત્ય જાણ્યા વિના સંગઠિત થઈને મેદાનમાં આવી જઈએ છીએ. આ સંદર્ભે ન્યૂઝ ચેનલો અને સોશિયલ મીડિયાની ભૂમિકાએ ભારતીય સામાજિક વ્યવસ્થા અને સંસ્કારિતાની સામે ઊભા કરેલા પડકારો આપણા સૌની માટે ચિંતાજનક છે. આજે જ્યા જુઓ ત્યા... ચારેતરફ પ્રજાના માનસમાં વિવિધ પ્રકારનુંઝેર ભરવામાં આવી રહ્યું છે. અને આ ઝેર એવું છે કે એની અસર શિક્ષિત અને સમજદાર લોકોને પણ થઈ રહી છે. જ્યારે પણ દેશના કોઈપણ ભાગમાં બળાત્કારની કે હત્યાની ઘટના બને અને જો એમાં ભોગ બનનાર કે ગુહનો કરનાર કોઈ પણ હોય પણ જો એ વિસ્તાર વિપક્ષનો હોય, સંવેદનશીલ હોય તો એ ઘટનાને તરત રાજકીય રૂપ આપી દેવામાં આવે છે. પરંતુ આવી અસંખ્ય ઘટનાઓ અન્ય જ્ઞાતિ — જાતિના લોકો સાથે પણ બને છે. જે કોઈપણ સમાજ માટે અત્યંત શરમજનક અને ઘૃણાત્મક બાબત છે. એના ગુહનેગારોને કડકમાં કડક સજા થવી જ જોઈએ. પણ પ્રશ્ન ત્યારે ઊભા થાય છે કે આવી દૂર્ઘટનાનો ભોગ બનેલા પરિવારને સહાયતા કરવાને બદલે રાજકીય નેતાઓ મેદાનમાં આવી જાય છે. અને ખાસ કરીને વિપક્ષો... જે તે સરકારની સામે નિષ્ફળતાનું કલંક લગાવવા જે તે સ્થળની સામાજિક વ્યવસ્થાને છિન્નભિન્ન કરી નાખે છે.

આ મુદ્દાથી કેટલાક દેશદ્રોહી તત્વો—પક્ષો ભારતીય સમાજને અંદરથી તોડવા મથે છે. દેશ આઝાદ થયો ત્યાર પછી પહેલીવાર આખા દેશમાં હિંદુસ્તાનીઓનો (હિંદુ મુસ્લિમ બન્ને) પક્ષ મજબૂત બની રહ્યો છે. અને હજી આવનારા વર્ષોમાં એવો મજબૂત બની જશે કે એને યુગો સુધી કોઈ વિધર્મીઓ, આક્રાંતિઓ કે વિપક્ષો હરાવી નહી શકે. હવે આ પરિસ્થિતિમાં દેશવિરોધી વ્યક્તિઓ, સંગઠનો કે પક્ષો પાસે કરવા જેવું કશુ જ નથી રહ્યું તેથી તેઓ દેશની અંદર જ ક્યારેક જાતિના નામે તો ક્યારેક ધર્મના નામે તો ક્યારેક સંપ્રદાયના નામે એકબીજાની વિરુદ્ધ ભડકાવીને અશાંતિ ફેલાવવાના પ્રયાસો કરી રહ્યા છે. તો વળી ક્યારેક હનુમાનજીની મૂર્તિનું અપમાન કે ક્યારેક ડૉ. બાબાસાહેબ આંબેડકરની તસવીરનું અપમાન કરીને હિંદુ સમાજને જ તોડવાના પ્રયાસો થાય છે. અને જ્ઞાતિ-જાતિની વાત આવતા ભલભલા શિક્ષિત લોકો પણ અતિ સંવેદનશીલ બનીને વાત કે ઘટના કે પરિસ્થિતિને સમજ્યા વિના પોતાનો વિરોધ પ્રદર્શિત કરવા લાગે છે.

મિત્રો, હવે જ આપણે સૌએ સાચી સમજદારી બતાવવાનો આ સમય છે, આપણે સૌ એક સભ્યસમાજમાં રહીએ છીએ. દરેકના પરિવારના પ્રશ્નો, સામાજિક રીત રિવાજના પ્રશ્નો અને વારસાગત વેરઝેરના પ્રશ્નો જુદા જુદા હોય છે અને આજે દરેક ગામડે ગામડે, સમાજે સમાજે આવા પ્રશ્નો હોવાના જ. પરંતુ જ્યારે આવા કોઈ કારણોસર ક્યાંક કોઈ ઘટના ઘટે અને એના રાજકીય રિએકશનો, ન્યૂઝ ચેનલો ઉપર કે અખબારો કે સોશિયલ મીડિયા ઉપર જોઈને આપણે અહી સંવેદનશીલ બનીને ઉશ્કેરાઈ જઈએ કે રાજકીય કારણોસર ન્યાયની માંગ કરવા સંગઠિત થઈને નીકળી પડીએ છીએ ત્યારે અહીના આપણી આસપાસના સમાજની શાંતિ ડહોળાતી હોય છે. અને રાજકીય પક્ષો દ્વારા પછી સામાજિક ન્યાય અને ક્રાંતિની વર્ષો જુની વાતોથી પ્રજાના માનસમાં જાતિના ઝેર ભરવામાં આવે છે. ઘટના તો આપણાથી હજારો કિ..મી. દૂર ઘટી હોય છે. અને ત્યા એનો ઉકેલ પણ આવી ગયો હોય છે પરંતુ દેશભરમાં બીજી અનેક જગ્યાએ આ લડતને જાતિના રંગે રંગીને પ્રજાની વચ્ચે ફેલાવવામાં આવે છે. આજકાલ આવી ઉશેકરણીજનક ઘટનાઓ માટે અનેક એજન્સીઓ પણ કામ કરે છે.

મિત્રો, ક્યાંય પણ, કોઈપણ ઘટના ઘટે તો કોઈપણ જ્ઞાતિ-જાતિના લોકોએ કે સાચા સંગઠનો, મંડળો કે સમાજના આગેવાનોએ સત્ય જાણ્યા વિના સીધા જ સંવેદનશીલ બનીને, ઉશ્કેરણીજનક બયાનો કે રેલીઓ કે સભાઓનું આયોજન ના કરવું જોઈએ. કેમ કે આપણાથી હજારો કિ.મી.દૂર જે કોઈ ઘટના ઘટે છે તેની પાછળનું સત્ય આપણે જાણતા નથી હોતા પરંતુ સોશિયલ મીડિયા, ન્યૂઝ ચેનલો અને અખબારોના પ્રાયોજિત સમાચારો જોઈને આપણે આપણી ધારણાઓથી અહીં જેની સાથે, જે સમાજમાં બધા સાથે એકરૂપ બનીને રહીએ છીએ. એમની સાથેના સંબંધો બગાડીએ છીએ. સદભાવની, ભાઈચારાની પરિસ્થિતિને આપણે ખૂદ બગાડીએ છીએ.

મિત્રો, તમે જ વિચારો, દુનિયાની દરેક જ્ઞાતિ-જાતિમાં અમૂક ટકા ખરાબ લોકો હોવાના જ. અને ઘણા બધા સારા લોકો પણ છે. હું માનું છું કે ક્યાંક કોઈ વિસ્તારમાં કોઈ ભેદભાવો હશે. અન્યાય થતો હશે. પણ એવો વર્ગ હવે બહું ઓછો છે. કેમ કે હવે સૌ સમજે છે કે આ ૨૧મી સદી છે. જો આજની પેઢીએ વિકાસ કરવો હશે તો હવે જ્ઞાતિ-જાતિના ભેદભાવો, વેરઝેર મીટાવીને, ભૂલીને સૌએ સાથે મળીને આગળ વધવું પડશે. હા, જ્ઞાતિ-જાતિના જે સંગઠનો છે તેઓ પોતાની જ્ઞાતિ-જાતિના યુવાનોને, બહેનોને આગળ લાવવા ચોક્કસ પ્રયાસો કરે, એ જરૂરી પણ છે. પણ આવા સંગઠનો રાજકીય પક્ષોની સાથે જોડાઈને કામ કરે છે ત્યારે સમાજમાં અવ્યવસ્થા ઊભી થાય છે. અન્યથા નહીં. આજે કે પહેલાના યુગમાં પણ જે જ્ઞાતિ-જાતિના સંગઠનો,

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ફેસ્ટિવલ સિઝન : સાવધાની જરૂરી છે!



### રજળપાટ

અજય ઉપાધ્યાય

'યે દીવાલી ખુશીયોવાલી' જાહેરાતની આ ટેગલાઈનને આ દિવાળી અને નવવર્ષના પાવન તહેવારોમાં જરા સુધારીને અમલમાં મૂકવું પડશે, અને એ ટેગલાઈન હશે 'યે દીવાલી સાવધાનવાલી'. જી હા બહેનો ઔર ભાઈઓ હિંદુસ્તાનના સૌથી મોટા તહેવાર દિવાળીની તમે આ લેખ વાંચતાં હશો ત્યારે ઉજાણી થઈ રહી હશે અને આખુએ ભારત નવવર્ષમાં પગલા માંડવા આતુર હશે. ગઈ દિવાળીએ 'શુભ દિપાવલી' કે નવા વર્ષના દિવસે 'નુતન વર્ષાભિનંદન' કહેતી વખતે આપણાંમાથી કોઈને પણ ખ્યાલ નહોતો કે વિક્રમ સંવંત ૨૦૭૬ નું વર્ષ કેટકેટલી મુસીબતો લાવનાર બનવાનુંછે. અને મુસીબતો પણ કેવી? રસ્તાઓની સાથે સાથે જિંદગીઓ પણ સૂમસામ બની ગઈ...કઈ કેટલીયે જિંદગીઓ તો સદાને માટે ખામોશ પણ બની ગઈ અને આજે એ વાતને ઓલમોસ્ટ નવેક મહિના વીતી ગયા હોવા છ્તા પણ એ ડર, ભય અને ચિંતાઓ બરકરાર છે અને એટલિસ્ટ આવનારા બીજા છએક મહિના સુધી તો કદાચ પરિશ્થિતિમાં ફેરફાર થવાની ઓછી શક્યતા છે એવામાં ' લાઈફ મસ્ટ ગોઝ ઓન ' ની જેમ જિંદગી તો પાટે ચડાવવી જ પડે ને...??

લોકડાઉનના કપરા કાળ પછી શરૂ થયેલા અનલોકમાં જિંદગી ધીરે ધીરે પાટે ચડી રહી છે. કોરોનાને બધા પોતપોતાની રીતે ફાઈટ આપી રહ્યા છે જેમાં હું, તમે ની સાથે સાથે સરકારો અને સરકારી તંત્ર પણ સામેલ છે. અનલોકનો હેતુ જ લોકોને ફરીથી નોર્મલ જિંદગી તરફ લઈ જવાનો હતો અને છે અને સાથે સાથે કોરોનાને નાથવાનો પણ છે. ધીરે ધીરે દેશમાં કોરોનાના આંકડાઓ ઘટતા ગયા છે. લેટેસ્ટ સીનારિયો મુજબ દર્દી કરતાં સાજા થનારાઓની સંખ્યા વધતી રહી છે. વિશ્વસ્તરે કોરોનાની વેક્સિનને લઈને એક પછી એક આશાભર્યા સમાચારો પણ આવવા લાગ્યા છે. અનલોક થતાં જ અનેકો એવા તહેવારો આવ્યા કે જે લોકોએ ઘરમાં કે પછી સંયમથી વિતાવ્યા છે. ધંધા - રોજગારો જેમ જેમ અનલોક થતાં ગયા અને જેમ જેમ લોકો બહાર આવવા માંડ્યા એમ એમ ઘણા રાજ્યોમાં કોરોનાનો કહેર પાછો ફૂંફાડા મારવા માંડ્યો છે અને એકમાત્ર મહત્વનુ કારણ એ છે કે લોકો એ ભૂલી ગયા છે કે કોરોનાએ હજુ વિદાઈ લીધી નથી.

યસ, કોરોના જવાને બદલે વધુ વકરી રહ્યો છે, એટલિસ્ટ અમેરિકા કે યુરોપ જેવા દેશોમાં રોજના હજારો કે લાખ જેટલા આવતા કેસો આની સાબિતી છે. ભારતમાં અને આપણાં ગુજરાતમાં પરિશ્થિતી સારી છે પણ જો ધ્યાન ના રાખ્યું તો પાસા પલટ શકતા હૈ..!!! સરકારોએ પોતપોતાની રીતે લોકોને સંક્રમણથી બચાવવાના અનેકો ઉપાયો અમલમાં મૂક્યા છે પણ શું છે કે જીવન તો ધબકતું રાખવું પડે...જિંદગી તો દોડતી રાખવી જ પડે, એટ્લે છૂટછાટો પણ આપવામાં આવી છે. હવે બધુ આપણાં પર છે કે આ છૂટછાટોનો કેટલો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ છીએ. વાત ખાલી દિવાળીની ઉજવણી જ નથી પણ જ્યાં સુધી કોરોનાનો રામબાણ ઉપાય ના મળે ત્યાં સુધી સ્વયંશિસ્તથી જ તહેવારો ઉજવવા પડશે. અને ખાલી તહેવારો જ શુકામ પણ રોજબરોજની જિંદગીમાં પણ આ શિસ્ત જાળવવી પડશે બાકી તો કોઈ તંત્ર પહોચી નહીં જ વળે એ હકીકત છે. રોજરોજ અખબારોમાં પ્રસિધ્ધ થતાં ભીડવાળા શોપિંગ સ્થળોના ફોટા કે ટીવી પર દેખાતા દ્રશ્યો આપણાં માટે નહીં પણ કોરોના માટે હરખાવા માટે પૂરતા છે. જાહેરમાં દેખાતું માસ્ક વગરનું મુખડું કોરોનાને મોહી પડવા માટે પૂરતું છે. કોરોનાના વધતાં કેસોમાં મોટાભાગના કેસો ગાંડપણની હદે ટોળાઓમાં ફરવું કે ભીડમાં જવાને લીધે છે એ તો મેડિકલ ક્ષેત્રના નિષ્ણાતો પણ કહી ચૂક્યા છે. ઓક્ટોબર — નવેમ્બરમાં વધેલા કેસોમાં ધાર્મિક-સામાજિક અને રાજકીય મેળાવડાઓનું પૂરેપુરું યોગદાન છે. આવનારા એટલિસ્ટ છએક મહિના સુધી આવા મેળાવડાઓ પર અંકુશ રાખવો રહ્યો અથવા તો આ મેળાવડાઓમાં યથાચિત સાવધાની રાખવી જરૂરી છે.

સ્વાભાવિક છે કે તહેવારોની ખુશી અને માહોલમાં આપણે લાપરવાહ બની જવાના પણ એટ્લે જ આ દિવાળી સાવધાનીવાળી રાખવાની છે. દિવાળી જેવો તહેવાર છે તો ઉજવણી તો ચોક્કસ કરવી જ રહી પણ એમાં સાવધાનીનો રંગ ઉમેરવો પડશે. ' ફટાકડા ફોડવા જ ના જોઈએ ' એવા લવારા કરતાં બબૂચકોને કહેવાનું કે ઈવન સરકાર પણ એના પર સંપૂર્ણ પ્રતિબંધની ફેવરમાં નથી અને ખાલી ફટાકડાથી જ પ્રદૂષણ ફેલાય છે એવું પણ નથી પણ હા ગાંડપણની હદ સુધી ફટાકડા ફોડવા જોખમી છે અને એ તો કોરોના ના હોય તો પણ ફટાકડા ફોડવામાં સંયમ રાખવો એ તો કાયમી જરૂરિયાત છે. અત્યંત મોટા પ્રમાણમાં ફૂટતા ફટાકડા ચોક્કસપણે વાયુપ્રદૂષણની માત્રામાં વધારો કરે છે અને વયસ્કો-બાળકો માટે મુસીબત ઊભી કરે છે. એમાં આ વખતે કોરોનાનો ઉમેરો થયો છે કે જેને પ્રદૂષણને લીધે ફેફસાને પડતી તકલીફો સાથે દોસ્તી છે તો ફટાકડાને માપમાં ફોડીએ અને ખાસ તો વધુ ધુમાડો છોડતા ફટાકડા ટાળીએ, અને આ તો કોરોના ના હોય તો પણ અમલમાં મૂકવા જેવુ છે.

નવું વર્ષની ઉજવણી કુટુંબ-સગાસંબંધી —દોસ્તો સાથે મુલાકાત વગર તો અધૂરું છે. 'હેપ્પી ન્યુ યર' ' અને 'નુતન વર્ષાભિનદન' ની શુભકામનાઓ આપવાની-લેવાની મજા છે પણ આ વખતે સિચ્યુએશન જરા અલગ છે. મિલન-મુલાકાતોમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવું આ વખતની માંગ છે. શુભેચ્છાઓની આપ-લે તો કરવાની જ પણ સાથે સાથે ઘરમાં કે બહાર ભીડ ના થાય એનું પણ ધ્યાન રાખવું પડશે. મીઠાઈની સાથે સાથે સેનિટાઈઝર અને હેન્ડશેકની બદલે નમસ્તે આ દિવાળીમાં ઈનથિંગ રહેવાનુ. રંગોળીની સાથે સાથે 'માસ્ક ઓન' ફરજિયાત રાખવાનું રહેશે. ઘરે નવા વર્ષની શુભકામનાઓ આપવા આવતા સ્નેહીજનોને સેનિટાઈઝરથી હસ્ત પ્રક્ષાલન કરાવવું પહેલી અને ફરજિયાત ફરજ બની રહેવી જોઈએ. આમ તો કોરોનાકાળે લગભગ બધાને બહારનું આરોગતા ઓછા જ કરી દીધા છે છતાં પણ જવું જ પડે એમ હોય તો માસ્ક થી લઈને સોશિયલ ડિસ્ટન્સ જેવી પ્રાથમિક સાવધાની ઓર્ડર કરતાં પહેલા આપણાં મેનૂ માં એડ કરી લેવી. દિવાળીની રજાઓમાં બહાર ફરવા નીકળી પડવાની ક્રિયા પર આ વખતે લગામ લાગી ગઈ છે એવામાં ફેમિલી ટાઈમ એન્જોય કરવાનો આ સોનેરી અવસર છે એનાથી બેવડો ફાયદો છે - એક તો બહાર નીકળવાથી થનારા સંભવિત સંક્રમણથી બચી શકવાના અને બીજું કે ગોલ્ડન ફેમિલી ટાઈમ બોનસમાં મળવાનો.

શિયાળો શરૂ થઈ ચૂક્યો છે એટ્લે એની સિઝનલ અસરોની સાથે સાથે જો કોરોના સામે લાપરવાહી ઉમેરાશે તો બેવડો માર નક્કી છે. નો ડાઉટ કોરોનાની આપણાં પર અસરો જેવી ઓગષ્ટ સુધી હતી એમાં સટીક સરવારને લીધે ઘણો ઘટાડો જોવા મળ્યો છે અને નોર્મલ કે સઘન સારવાર પછી સાજા થનારાઓની સંખ્યા વધતી જાય છે છતાં પણ એ ના ભૂલવું જોઈએ કે આનો વ્યાપ અને ચેપ લગાડવાની ક્ષમતા ખતરનાક છે. કદાચ માર્ચ સુધીમાં વેક્સિન આવી જાય તો પણ એને દરેક સુધી પહોચતા ઘણો સમય લાગી શકે છે. છેલ્લા ૮-૯ મહિનાથી દિવસ રાત જોયા વગર દર્દીઓની સેવા કરતાં મેડિકલ સ્ટાફની મહેનત આપણી એકાદ નાનકડી ભૂલથી પાણીમાં જાય નહીં એની તકેદારી રાખવી આપણાં હાથમાં છે અને આપણી ફરજ પણ છે કેમકે એમાં અંતે ફાયદો તો આપણને જ થવાનો છે. તો આ દિવાળી ' સાવધાની' થી ઉજવીએ અને 'માસ્ક' મસ્ટ એ ભૂલાય નહીં..!! શુભ દિપાવલી અને નુતન વર્ષાભિનંદન...!!

વિસામોઃ

આ દિવાળીએ રંગોળીમાં સૌથી વધુ દેખાવાનો કાળમુખા ' કોરોના ' નો અવતાર અને એને નાથવા મથતા કોરોના વોરિયર્સ...!